Extra No. 441

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, DECEMBER 15, 2025 / AGRAHAYANA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો

File No:KHD/MAG/e-file/450/2025/3503/MAG BRANCH-જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા-૨૦૨૫, તા.૧૩/૧૨/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૧:૩૦ થી ૦૧:૩૦ કલાક દરમિયાન ખેડા જિલ્લામાં વિવિધ પરિક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. જેથી તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ સદર પરીક્ષાનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડીઆદ નાઓએ તેઓના તા.૦૬/૧૨/૨૦૨૫ ના પત્ર ક્રમાંક: જા.નં. જિ.શિ.અ./ખેડા/પરીક્ષા / JNVST/૨૦૨૫/૭૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બિડાણ કરેલ અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર:-

અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ દુકાનો, મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો:-

પરીક્ષાર્થી અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈ પણ ઈસમે કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું, આ રીતના કોઈપણ દુપ્રેરણા કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિક પણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈ પણ વસ્તુ, ઈલેકટ્રોનીક ગેઝેટ જેવા કે ફેકસ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઈલેકટ્રોનીક ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકી-ટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના

તમામ માણસોએ મદદગારી કે દુષ્પ્રેરણા કરવા પર પ્રતિબંધ રહેશે. ઉકત અનુસૂચિ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મિટરની ત્રિજયાના વિસ્તારમાં માઈક / લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી આપવા કે વગાડવા પર પ્રતિબંધ રહેશે.

સમયગાળો: -

તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાક થી બપોર ૦૧:૩૦ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિ મુજબનાં જે કેન્દ્રો પર પરીક્ષા હોય તેને અનુરૂપ).

શિક્ષા:-

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ, તા.૯મી ડિસેમ્બર, ૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 16:24:00 IST